ખાનગી પ્રેસ માં છાપકામ કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સુધારો ક્રમાંક: મદન/૧૦૨૦૦૬/૧૫૭૪/ક૨,
સચિવાલય, ગાંધીનગર.
તા. 30 /0૧/૨૦૦૮.

વંચાણે લીધા: (૧) આ વિભાગનો તા. ૩૦/૦૭/૦૭નો સમાનાંકી ઠરાવ.

(૨) નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર.
નો તા. ૧૨/૧૨/૦૭નો પત્ર ક્રમાંક: સકટ /૨૦૦૭ /૧૪૪૭૦

સુધારો:

આમુખ માં જણાવેલ આ વિભાગના તા.૩૦/ ૦૭/ ૦૭ ના સમાનાંકી ઠરાવ થી ખાનગી પ્રેસ માં છાપકામ કરાવવા અંગેનો ઠરાવ, તેમાં દર્શાવેલ શરતો ને આધીન , પ્રસિધ્ધ કરવામાં આવેલ છે .ઉક્ત ઠરાવ થી પ્રસિધ્ધ કરેલ શરતો પૈકીની શરત નં. ૮ માં પુખ્ત વિચારણા ને અંતે નીચે મુજબ નો સુધારો કરવાનો સરકાર શ્રી એ નિર્ણય કરેલ છે:

" જે મુદ્રણ કાર્ય સરકારી પ્રેસ માં તાંત્રિક કારણોસર કે સમય મર્યાદામાં છાપકામ શક્ય ન હોય તેવા જ દરેક કેસમાં રૂ. ૪(ચાર) લાખ સુધી મુદ્રણ કરવાની સત્તા નિયામક શ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ને આપવામાં આવે છે. અને તે મુજબનું પ્રમાણપત્ર નિયામક શ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી દ્વારા અપાયા બાદ જ ખાનગી મુદ્રકો પાસે મુદ્રણ કાર્ય કરાવી શકાશે."

૨. વધુમાં, વિભાગના તા. ૩૦/૦૭/૦૭ના ઠરાવ અન્વયે જ્યારે ખાનગી પ્રેસમાં કામગીરી કરાવવા માં આવે ત્યારે આઈટમ વાર ભાવ નક્કી કરવામાં અને તેની ગણતરીમાં સરળતા રહે તે માટે આ સાથેના સુધારા પરિશિષ્ટ માં દર્શાવેલ સુધારો ધ્યાને લેવાનો રહેશે.

૩. તા.૩૦/૭/૦૭ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગ ની તા. ૨૮ /૦૯ /૦૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

( આનંદ ઝીંઝાલા )
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

૧. નિયામક શ્રી, છાપકામ અને લેખન સામગ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨. વ્યવસ્થાપક શ્રી, સરકારી પ્રેસ, ગાંધીનગર /વડોદરા /રાજકોટ /ભાવનગર/અમદાવાદ.

૩. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- નાણાકીય સત્તા સોંપણી નિયમો, ૧૯૯૮માં ઉપર મુજબ સુધારો બહાર પાડવાની વિ. સાથે.

૪. સચિવાલય ના સર્વે વિભાગો-તેમના નિયંત્રણ નીચેના સર્વે ખાતાના/ કચેરીના વડાઓને જાણ કરવાની વિનંતિ સાથે.

૫. મહાલેખાકાર શ્રી, અમદાવાદ/રાજકોટ.

૬. પગાર અને હિસાબી અધિકારી શ્રી, અમદાવાદ/ ગાંધીનગર.

૭. વિભાગ ની સર્વે શાખા ઓ.

૮. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

૯. કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- તા. ૩૦/૦૭/૦૭ના ઠરાવ સહિત સુધારા ઠરાવ વિભાગની વેબ સાઈટ ઉપર મુકવાની વિનંતિ સાથે.

૯. પસંદગી ફાઇલ.

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૩૦/૦૧/૦૮ ના સુધારા ક્રમાંકઃમદન/૧૦૨૦૦૬/૧૫૭૪/ડ.સાથેનું

# સુધારા પરિશિષ્ટ

| પરિશિષ્ટ ક્રમ | આઇટમ | સુધારો |
|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર દ્વારા ફોર કલર ડીઝાઈનીંગ (એ-૪ સાઈઝમાં) | |
| | પોસ્ટર, કેલેન્ડર, પેમ્ફલેટ્સ, ફોલ્ડર, કવર પેજ, બુકલેટની અંદરના પાનાની ડીઝાઈન | (૧) એ-૪ સાઈઝ કરતાં નાની સાઈઝ માટે મીનીમમ ૩૦૦ સે.મી.ના ભાવ પ્રોરેટા મુજબ ચુકવવાના રહેશે.<br>(૨) બુકલેટના કામમાં બુકની સાઈઝને અનુરૂપ કવરપેજ ઉપરાંત ડિઝાઈનનો ભાવ વધુમાં વધુ આઠ પેજ સુધી ચુકવી શકાશે.<br>(૩) આર્ટિસ્ટે જરૂર જણાયે મીનીમમ ત્રણ ડિઝાઈન બનાવીને આપવાની રહેશે અને માન્ય ડિઝાઈનનો જ ભાવ ચુકવવાનો રહેશે. આ ડિઝાઈનનો ઉપયોગ સરકારશ્રીની પૂર્વ મંજૂરી વગર અન્ય કોઈ ખાનગી જગ્યાએ થઈ શકશે નહિ. |
| ૨. | ઓફસેટ પ્રોસેસીંગના ભાવ (સ્કેનર પ્રોસેસીંગ) : | |
| | (અ) ફોર કલર સ્કેનીંગ-પ્રોસેસીંગ, ડિઝાઈનીંગ, પેજમેકીંગ, કલર સેપરેશન કરી ઇમેજ સેટર દ્વારા પોઝીટીવ આપવા સાથેનો દર ચો.સે.મી. દીઠના ભાવ | ડીઝાઈનીંગ શબ્દ કાઢી નાખવો |
| | (બ) ઇમેજ સેટર દ્વારા કલર સ્કેનીંગ-પ્રોસેસીંગ, ડિઝાઈનીંગ, પેજમેકીંગ, કલર સેપરેશન (દર ચો.સે.મી.ના ભાવ)<br>(૧) સીંગલ કલર<br>(૨) ટુ કલર<br>(૩) થ્રી કલર | ડીઝાઈનીંગ શબ્દ કાઢી નાખવો |
| | (ક) ફોર કલર જોબને સ્કેનીંગ, ડિઝાઈનીંગ, પેજમેકીંગ, ઇમ્પોઝીંગ, કલર સેપરેશનને અનુરૂપ તૈયાર કરીને ફ્લોપી/સીડી તૈયાર કરવાના ભાવ (દર ચો.સે.મી. દીઠ) | ડીઝાઈનીંગ શબ્દ કાઢી નાખવો |
| | | નોંધ : (૧) ફોટોગ્રાફ ગમે તેટલા હોય તો પણ પેજની સાઈઝના કુલ ચો.સે.મી. કરતાં વધારે એક્સ્ટ્રા સ્કેનિંગ આપવામાં આવશે નહીં.<br>(૨) જરૂર જણાયે સીડી/પોઝીટીવ સાથે હાર્ડ કોપી આપવાની રહેશે. |

| પરિશિષ્ટ ક્રમ | આઈટમ | સુધારો |
|---|---|---|
| | | |
| ૪. | ઓફ સેટ પ્લેટ : | |
| | (૨) કોમ્પ્યુટર ટુ પ્લેટ (સીટીપી/સીટીસીપી) (મેટ્રિક એ-૫ આઠ પેજ/ એ-૪ ચાર પેજ એક કલરની પ્લેટના ભાવ) | નોંધ : (૧) ગમે તેટલી નકલ હોય તો પણ પ્લેટ ચાર્જ એક જ વખત આપવામાં આવશે.<br>(૨) કોમ્પ્યુટર ટુ પ્લેટમાં પોઝીટીવ ચાર્જ ચૂકવવામાં આવશે નહીં. |
| ૫. | ઓફસેટ પ્રોસેસથી મુદ્રણ માટેના ભાવ: | રૂ. સાઈઝ |
| | (અ) ટેક્ષ મેટર/હાફટોન સ્કીન/લાઈન વર્ક સહિત કાળી શાહીથી મુદ્રણનો ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠનો ભાવ | ૪-૫૦ એ-૫<br>૯-૦૦ એ-૪ |
| | (બ) ટેક્ષ મેટર/હાફટોન સ્કીન/લાઈન વર્ક સહિત રંગીન શાહીથી એક થી ત્રણ કલર સુધી મુદ્રણનો ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠ રંગ દીઠનો ભાવ | ૬-૦૦ એ-૫<br>૧૨-૦૦ એ-૪ |
| | (ક) સ્કેનર દ્વારા કરેલ કલર સેપરેશનવાળા ટાઈટલ(કવર) મુદ્રણ, કલરપ્લેટ (ચાર્ટ પ્લેટ) સ્કીન અગર બહુરંગી ફોટોપ્લેટ (બહુરંગી ફોલ્ડર- પોસ્ટર) જેવા અન્ય અને તેની સમકક્ષ બધા જ કામોના મુદ્રણનો રંગ દીઠ પેઈજ દીઠ ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠનો ભાવ (બહુરંગી મુદ્રણ) | ૨૩-૦૦ એ-૫<br>૪૬-૦૦ એ-૪<br>નોંધ : (૧) નાની મોટી સાઈઝ માટે પ્રોરેટા ભાવ ગણવાના રહેશે.<br>(૨) મશીનમાં પ્રિન્ટીંગની સાથો સાથ જ્યારે કોઈપણ કલરમાં નંબરીંગ કરવામાં આવે ત્યારે નંબરીંગ ચાર્જ ઉપરોક્ત ૫-અ મુજબના ભાવના ૮ નંબરીંગ બોક્સ સુધી ૫૦ ટકા અને ૮ થી વધારે નંબરીંગ બોક્સ માટે ૧૦૦ ટકા વધુ ભાવ આપવાનો રહેશે. |
| ૭. | ડિજીટલ પ્રિન્ટીંગ: (એ/૩ સાઈઝની એક નકલ પેપર અથવા કાર્ડ સહિત મુદ્રણનો ભાવ)<br>૧૩૦ ગ્રામ સુધીના પેપર અથવા કાર્ડ ઉપર મુદ્રણ<br>૧૩૦થી વધુ ગ્રામના પેપર અથવા કાર્ડ ઉપર મુદ્રણ | ડિજીટલ પ્રિન્ટીંગ આવશ્યક હોય ત્યાં વધુમાં વધુ ૧૦૦૦ નકલ સુધી જ પ્રિન્ટીંગ થઈ શકશે. |
| ૮. | બાઈન્ડીંગ માટેના ભાવ | રૂ. સાઈઝ |
| | (અ) કાચું બાઈન્ડીંગ: સાઈડ સ્ટીચ અથવા સેન્ટર સ્ટીચ, ટાઈટલ બેક પેસ્ટીંગ કરીને ત્રણ સાઈડથી ટ્રીમીંગ કરીને નકલ તૈયાર કરવાનો ૧૬ પેઈજના ફર્માનો દર નકલ દીઠ ભાવ | ૦-૦૮ એ-૫<br>૦-૧૨ એ-૪ |
| | (બ) પાકું બાઈન્ડીંગ : સેકશન સીલાઈ અથવા સ્ટીચીંગ એન્ડ સ્ટેબીંગ કરીનેને તથા પાકા પૂંઠાનું કેઈસ તૈયાર કરીને (રેકઝીન, બાઈન્ડીંગ કલોથ અથવા પેપર લગાવીને) તૈયાર કરવાનો ૧૬ પેઈજના ફર્માની દર નકલ દીઠ | ૦-૨૫ એ-૫<br>૦-૪૦ એ-૪ |

| પરિશિષ્ટ ક્રમ | આઈટમ | સુધારો |
|---|---|---|
| | ભાવ (રો-મટીરીયલ્સ સહિત) | |
| | (ચ) આઈલેટીંગ પંચીંગ, ક્રીઝીંગ (ફાઈલ મેકીંગ), પેકીંગ સહિત (૧૦"×૧૨" સાઈઝ)માં ફક્ત મજૂરીનો એક નંગનો ભાવ | (૧) ૧૦" ×૧૨"ના બદલે ૧૦" ×૧૪" વાંચવું.<br>(૨) આઈલેટીંગ અને પંચીંગ એક જ આઈટમગણવાની રહેશે. |
| | (જ) સ્ટીકર (ચો.સે.મી. દીઠ) (સ્ટીકર માટે સીલીકોન પેપર, ગમીંગ તેમજ હાફકટીંગ સહિત) | ચો.સે.મી.ના બદલે ચો.ઈંચ વાંચવું. |
| | પેપર વેસ્ટેજ | નોંધ :- દશ હજારથી ઓછી નકલો માટે બે ટકા અને તેથી વધારે નકલો માટે એક ટકો સીંગલ કલર તેમજ બહુરંગી મુદ્રણ કામ માટે પેપર વેસ્ટેજ આપવામાં આવશે. |

( આનંદ ઝીંઝાલા )
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

---